# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3651-3 તારીખ : 28-5-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
મણીબેન રામજીભાઈ પરમાર
મુ. પો. : દાત્રાણા, તા. : ખંભાળિયા, જી. : દેવભૂમિ દ્વારકા,
મોબાઈલ : ૯૮૯૮૨૧૦૯૪૩, ૯૪૨૬૪૩૩૧૯૨

વિષય : લાઈન ચાર્જ રીફંડ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૫-૦૨-૨૦૧૯.
(અત્રેના ફોરમની નોંધણી નંબર : ૭૨/ક્વા-૦૪/૨૦૧૮-૧૯)

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

2F

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આપનો વિશ્વાસુ,
(સી. જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાલીયા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વડાત્રા.

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/ક્વા-૪/૨૦૧૮-૧૯/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૨/ક્વા-૪/૨૦૧૮-૧૯

| | |
|---|---|
| અરજદાર: | મણીબેન રામજીભાઈ પરમાર ગામ: દાત્રાણા |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેમના પતી શ્રી રામજીભાઈ પરમાર તેમજ તેમના ભાઈ મનસુખભાઈ ચોથા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી –ખંભાલીયા |
| રજૂઆત કરનાર: | આર.વી.સોમાણી કાર્યપાલક ઇજનેર વિભાગીય કચેરી- ખંભાલીયા |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| તારીખ: | ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર મણીબેન રામજીભાઈ પરમાર, મું. પો.:દાત્રાણા ગામના ખેતીવાડી સર્વે નંબરમાં ૪૦ કીવો નુ નવુ ઓદ્યોગીક વીજજોડાણ અંતર્ગત અપાયેલ નિયત ભાવપત્રક મા ૩૦ મીટર ઓવરહેડ કેબલ ના ચાર્જીસ પેટે રૂ.૨૪,૮૧૨/– વસુલાયેલ છે. તેમ છતા, ઓવરહેડ કેબલ નખાયેલ નથી, અને ખુલ્લા વાયર દ્વારા વીજજોડાણ અપાયેલ છે. જેથી, સદર વીજ વાયર ના ચાર્જીસ ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મણિબેન રામજી નકુમ રે. દાત્રાણા એ ખેતીની સર્વે નો ૪૦૩ માં ઇન્ડ. હેતુ માટે MSI-L કેટીગરી માં ૪૦ KW નું વીજ જોડાણ માગેલ છે.તે માટે તેઓ દ્વારા રૂપિયા ૪૦૦/- રસીદ નો ૭૨૯૫૫૩ તારીખ ૨૧.૦૨.૨૦૧૮ ના રોજ નોંધણી કરાવેલ છે. જેના એસઆર નંબર ૧૦૬૬૯૧૯૪ છે. અરજદાર ની અરજી અન્વયે આ વીજ જોડાણ ખેતીવાળું ની જમીન માં ગામતળ બહાર લેવાનું હોઈ, પી.જી.વી.સી.એલ. ના પરિપત્ર નંબર પીજીવીસીએલ/ટેક/૧૧૯૬ તારીખ-૦૩.૦૨.૨૦૧૭ મુજબ આ પ્રકાર ના વીજ જોડાણ (MSI-L) કેટેગરીમાં પરિપત્ર ની જોગવાય મુજબ HVDS પધ્ધતી પ્રમાણે HT લાઈન માં ઓવર હેડ HTAB CABLE નો ઉપયોગ ફરજીયાત કરી વીજ જોડાણ આપવા નું હોઈ છે, અને આવા વીજ જોડાણ માં ઉભી કરવામાં આવતી માળખાકીય સુવિધા ને લગતો તમામ ખર્ચ અરજદાર પાસેથી વસુલી ને વીજ જોડાણ આપવાનું છે. આ વીજ જોડાણ માટે તાંત્રીક રેઈટ ૩૦ મીટર HTAB CABLE અને ૬૩ KVA નું ટ્રાન્સફોર્મર મૂકી આપવાનું શક્ય હોઈ તો તે માટે વર્તુળ કચેરી ના પત્ર નંબર JCO/TECH-II/ IND/17-18/369 DT. 31.03.2018 થી મંજુરી મેળવી રૂપિયા ૩૩૭૪૯૪/- નું અંદાજપત્ર વસુલી તારીખ ૧૦.૦૫.૨૦૧૮ ના રોજ વીજ જોડાણ રીલીઝ કરેલ છે જેના ગ્રાહક નંબર ૮૮૯૮૧૦૦૬૭૭૬ છે.

વીજ જોડાણ રીલીઝ સમયે સદર એસઆર મુજબ ના ૩૦ મીટર HTAB CABLE લગાડવા પાત્ર હતો પરંતુ જે તે સમયના નાયબ ઈજનેર દ્વારા આ વીજ જોડાણ ચાલુ કરવા HT લાઈનમાં HTAB CABLE ને બદલે LT AB CABLE છૂટો કરીને લગાડી વીજ જોડાણ ચાલુ કરેલ છે . તેથી અરજદારે HTAB CABLE અને LT AB CABLE ના તફાવત ની રકમ પરત માગેલ છે જેની સીધી રજૂઆત ફોરમ સમક્ષ તારીખ ૨૫.૦૨.૨૦૧૯ થી કરેલ છે.

જીયુવીએનએલ ના પરિપત્ર ની જોગવાય મુજબ આ વીજ જોડાણ માં તાંત્રીક રીતે HT લાઈન માં ઓવર હેડ HTAB CABLE લગાડવા ની કામગીરી કરવા માટે નાયબ ઇજનેર ની સુચના થી તારીખ ૧૬.૦૫.૨૦૧૯ ના જુનિયર ઈજનેર દ્વારા કોંટ્રાક્ટર સાથે રાખી કામગીરી હાથ ધરેલ, પરંતુ સ્થળ પર હાજર વ્યક્તિ પરમાર રામજી શામજીભાઈ એ સદર કામગીરી કરવાની ના પાડેલ છે જે બાબતે જુનિયર ઇજનેર શ્રી દ્વારા સ્થળ પર રોજ કામ કરેલ છે. જેથી સદર કામગીરી થઈ શકેલ નથી. તે અંગે ની તેમજ સદર પરિપત્ર મુજબ HTAB CABLE લગાડવો ફરજીયાત હોઈ તફાવત ની રકમ પરત આપી શકાય તેમ નથી. જે બાબત ની અરજદાર ને વડત્રા કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી/ટેક/5665 તારીખ 20.05.2019 થી જાણ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજુઆત મુજબ – તેઓનુ નવુ વીજજોડાણ અંતર્ગત અપાયેલ ભાવપત્રક, તા.૦૪–૦૪–૧૮ મુજબ નીચે મુજબ ના ચાર્જીસ વસુલ કરાયેલ છે.

(૧) ટેપીંગ–૧ નંગ– રકમ રૂ.૬,૧૭૦/–
(૨) ૧૧ કેવી એબીસી લાઈન – ૦.૦૩ કીમી રકમ રૂ.૨૪,૮૧૨/–
(૩) થ્રી ફેઇઝ ફોર વાયર સર્વિસ કનેકશન રકમ રૂ.૧૨,૪૪૦/–
(૪) એગ્રીમેન્ટ ફી રૂ.૧૦૦/–
(૫) સીકયોરીટી ડિપોઝીટ રકમ રૂ.૧,૧૭,૮૩૨/–
(૬) ટ્રાન્સફોર્મર એક નંગ રકમ રૂ.૧,૭૬,૧૪૦/–

એમ કુલ રકમ રૂ ૩,૩૭,૪૯૪/– મુજબ – અરજદાર દ્વારા તા.૧૦–૦૪–૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ છે અન્વયે સામેવાળા દ્વારા વીજજોડાણ તા.૧૦–૦૫–૧૮ થી રીલીઝ કરાયેલ – જેમાં મંજુર કરાયેલ વીજલાઈન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

કામગીરી – ૧૧ કેવી એબીસી ને બદલે – જે તે સમયે – એલ.ટી. એબીસી વીજ વાયર ઉપયોગ કરીને – વીજવાયર રીલીઝ કરાયેલ છે. જે બાબત ખૂબજ ગંભીર છે.

૪.૨ જે અનુસંધાને– ઉપરોકત બાબત ધ્યાને આવતા – સામેવાળા દ્વારા – સદર વીજજોડાણમાં એલ.ટી. એ.બી. કેબલ ની જગ્યાએ એચ.ટી. એ.બી. કેબલ બદલવાની કામગીરી કરવા તા.૧૬–૦૫–૧૯ ના રોજ સ્થળ ઉપર રહેલ – પરંતુ, હાજર રહેલ શ્રી રામજીભાઈ શામજીભાઈ પરમાર દ્વારા જણાવેલ કે સદર કેઈસ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં પેન્ડીગ હોય – જેથી સદર કામગીરી કરવાની ના પાડેલ છે.

૪.૩ અરજદાર ની રજુઆત મુજબ – તેઓનુ વીજજોડાણ તા.૧૦–૦૫–૧૮ થી રીલીઝ કરાયેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ ના મુદદા નં. (૩) ના પેટા મુદદા નં. (૪) માં ખેતીવાડી વિષયક જમીનમાં – ઓર્દ્યોગીક, વાણીજય, એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ના વીજજોડાણો માટેની – ૨૪ કલાક ના ફીડર પરથી વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ ના ધારાધોરણ ના પેટા મુદદા નં.–(૬) મુજબ – '' સદર વીજજોડાણ માત્ર એચ.વી.ડી.એસ. પધ્ધતિ દ્વારા જ અપાશે – અને એચ.ટી.લાઈન માટે ઓવરહેડ એચ.ટી. એ.બી. કેબલ નો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે.'' સદર બાબતે – અરજદાર ના સદર વીજજોડાણમાં એલ.ટી. એ.બી. કેબલ ને બદલીને – એચ.ટી. એ.બી. કેબલ લગાડવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે. જે બાબતેની જાણકારી, બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. તેમજ, અરજદાર ની રજુઆત મુજબ – એલ.ટી. એ.બી. કેબલ અને એચ.ટી. એ.બી. કેબલ ના તફાવતની રકમ પરત માંગેલ છે, ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.૪ વધુમાં, સદર કિસ્સામાં ઉપરોકત મુદદા નં. ૪.૧ અને ૪.૨ મુજબ ની વિગતોને ધ્યાને લેતા – પીજીવીસીએલ ની સબંધક કચેરીના જવાબદાર અધિકારી દ્વારા તાંત્રીક મંજુરી મુજબ કામગીરી કરાયેલ નથી. જે ખૂબજ ગંભીર બાબત હોય – તેની સામે નિયમાધીન શીસ્તભંગ ની કાર્યવાહી કરવા સુચના આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધઃ

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot